## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ખવાતો જાઉં છું અંદરથી, - ખૂટતો જાઉં છું,*
*દેખાઉં ટટ્ટાર અંદરથી, તૂટતો જાઉં છું!*
*છૂટતો જાઉં છું આ ગૂંચવાયેલા સંબંધોથી -*
*મળી એટલી મફત શાંતિ લૂંટતો જાઉં છું...*

**હાઈકુ**

*ટકી રહેવા !*
*વ્હાલા થવાની વૃત્તિ -*
*છે પક્ષપાતી...*

*લાગે લાંછન*
*વિક્રમાદિત્ય સીટને*
*ચમચા પોષી*
*(ન્યાયાધ્યક્ષ નું વર્તન!!)*

### ચિંતન

**નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન ।**
**યમેવૈષ્ય વૃણુતે તેન લભ્યસ્તૈષ આત્મા વિવૃણુતે તનૂં સ્વામ ॥**

**ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**આ પરમાત્મા ન તો પ્રવચનથી, ન બુદ્ધિથી, ન ઘણું સાંભળવાથી પ્રાપ્ત થઈ શકે, તે તો તેને જ પ્રાપ્ત થાય છે, જેનો તે સ્વયં સ્વીકાર કરી લે છે, કારણ કે તે પરમાત્મા, તેના માટે પોતાનું યથાર્થ પ્રકટ કરી દે છે.**

**યાત્રા - પ્રવાસ - પ્રવચન - સત્સંગથી ઈશ્વર પ્રાપ્ત થતો નથી, જ્યારે આત્મા શુદ્ધ થાય અંતઃકરણ શુદ્ધ પવિત્ર થાય, કર્મ ના વિવેકનું સંપૂર્ણ જ્ઞાન થાય, કોઈનું ખરાબ ન કરવાનું કે વિચારવાની પરિસ્થિતિ પર પહોંચી જવાય ત્યારે જીવનમાં તાટસ્થ્ય ભાવ પ્રટે છે આ સ્થિતિ જ પરમાત્માની પ્રાપ્તિ છે.**

### સુવિચાર

- વિચારોની સ્વતંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા, અઅગમા એન ભયથી સ્વતંત્રતા આ ચારે પ્રત્યેક વ્યક્તિને મળવા જોઈએ - **રૂઝવેલ્ટ**
- વિશ્વમાં સર્વ કાંઈ કરતાં સ્વભાવિક સૌંદર્ય પ્રામાણિકતા અને નૈતિક સચ્ચાઈમાં છે - **રોમાંરોલાં**
- કર્મ સુખ તરફ દોરી જાય એવું ન પણ બને, પરંતુ કર્મ કર્યા વિના ક્યારેક સુખ નથી - **ડિઝરાયલી**
- વાસ્તવિક સુખ મગજ અને શરીર બંને પાસેથી પૂરું કામ લેવાથી જ પ્રાપ્ત થાય છે - **ફાધર વાલેસ**
- જે વ્યક્તિ ક્યારેય જોખમમાંથી પસાર થઈ ન હોય તે પોતે સાહસનો દાવો કરી શકે નહીં - **જે પેટિટસન**
- બીજાઓના દુર્ગુણોથી સાવચેતી શીખવી વધઉ ઉચિત છે - **સાઈરસ**
- આજનું ઔષધ : દહીં સાથે શંખજીરાનું સેવન કરવાથી મરડો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કાકોરી રેલલૂંટના અનુસંધાનમાં અશફાક ઉલ્લા ખાનની ધરપકડ થઈ. લખનૌની જેલમાં અશફાક ઉલ્લાખાન હતા ત્યારે ફેંસલો હજી આવવાનો બાકી હતો. આ દરમિયાન અંગ્રેજોના ગુપ્તચર વિભાગનો એક અગ્રણી અધિકારી તેમને મળવા આવ્યો. તેણે કહ્યું, 'આપ એક મુસલમાન છો, આ લૂંટમાં બીજા ક્રાંતિકારીઓ હિંદુ છે. જો તું તેમના નામ મને આપીદેશે તો અંગ્રેજ સરકાર તમને જેલમાંથી છોડી દેસે અને તારી સજા માફ કરશે અને આ ખટલો પાછો ખેંચી લેવાશે. તમારું જીવન બચી જશે અને બીજું કે હું જેઓ ના નામ માગું છું તેઓ બધા તો હિંદુઓ છે.'

અશફાક ખાને ગુસ્સામાં મોટા અવાજમાં અધિકારીને સંભળાવી દીધું. 'તમે અત્યારે જ અહીંથી ચાલ્યા જાવ. હું તમારું મોઢું પણ જોવા માગતો નથી. મારી સાથે હિંદુ - મુસલમાનની વાત ન કરો. અમે કોઈ નથી હિન્દુ - કે નથી કોઈ મુસલમાન. અમે તો છીએ સૌ ભારતમાતા ના સંતાન.'

'હિંદુ - મુસલમાન સૌના શરીરમાં વહાવી દેવા સદૈય તૈયાર છીએ. ભેદભાવ કરનારા - ભેદભઆવ કરાવનારા તમે અહીંથી ચાલ્યા જાવ, તમે કોઈ પણ રીતે ભારતમાતાનાં બાળકોમાં ફૂટ પડાવી નહીં શકો.'

અશફાક ઉલ્લાખાને ગુસ્સામાં પેલા અધિકારીને બાવડુ ઝાલી ધક્કો મારી દરવાજા બહાર હડસેલી દીધો.

# માતૃભાષા સંદર્ભે રાજ્ય સરકારનું સ્તુત્ય પગલું

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતીઓ વિશે એવી માન્યતા ઘર કરી ગઈ છે કે તેઓ પોતાની માતૃભાષા પ્રત્યે બીજી કોઈ પણ પ્રજા કરતાં વધુ ઉદાસીન છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં ગુજરાતી માધ્યમની શાળાઓને રીતસરનાં તાળાં વાગી ચૂક્યા છે અને સેતુભાષા બદલે વિશ્વભાષા અંગ્રેજીનો વાવર એ હદે વધી ગયો છે કે ચોથા વર્ગના કર્મચારીથી લઈ ખેતમજૂર સુધ્ધાં પેટે પાટા બાંધીને પણ પોતાના બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવવામાં શ્રેય સમજે છે. ગ્લોબલાઈઝેશનના જમાનામાં આવું પરિવર્તન આવે તે સમજી શકાય એમ છે. પરંતુ એથી આપણે ગુજરાતીઓ પોતાની ઓળખ જ ભૂલી જઈએ - એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. વિશ્વભાષાઓની હરોળમાં બેસી શકે એવી આપણી સમૃદ્ધ માતૃભાષાની આ દુર્દશા નિવારવા સાહિત્યકારોથી લઈ શિક્ષણવિદો અને રાજકીય નેતાઓ લગી સતત કંઈ ને કંઈ વિચારણા ચાલતી રહી છે. ગુજરાત સરકારને એસ.એસ.સી. સહિતની પરીક્ષાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત રાખી એના ગુણાંક ગણાવા જોઈએ એ મુજબની રજૂઆત ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પણ થતી રહી છે. આખરે મોડી મોડી પણ સરકાર જાગી છે અને રાજયની તમામ બોર્ડની પરીક્ષાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત કરવાનો નિર્ણય લઈ એક આવકારદાયક કામ કર્યું છે. સીબીએસઈ સહિતનાં બોર્ડોમાં ગુજરાતી વિષય દાખલ કરવો અને તે ફરજિયાત બનાવવો એ ધાર્યા જેટલું સરળ કામ નહોતું. ઘણા વાલીઓને એમ લાગવાનું કે અમારા બાળકો પર આ બિનજરૂરી બોજ નંખાઈ રહ્યો છે. ગુજરાતી શીખીને એમને શો ફાયદો થઈ જવાનો ? આવી સંકુચિત મનોવૃત્તિ ધરાવનારા વાલીઓ તરફથી સરકારને માથે માછલાં ધોવાશે એવી આગોતરી ભીતિને કારણે આ બધી શાળાઓમાં ગુજરાતી વિષય ક્રમશઃ ફરજિયાત બનાવવાનો નિર્ણય જ લેવો અઘરો હતો. સરકારે એ હિંમત દાખવીને માતૃભાષા માટેની એની ખેવનાનું પ્રમાણ પાઠવ્યું છે. કર્ણાટક જેવા રાજયોમાં કન્નડ ફરજિયાત છે. બંગાળી અને તમિલભાષી તેમજ મરાઠીભાષી પ્રજા પોતાની ભાષા મુદ્દે આક્રમક રહી છે. મા, માટી, માતૃભાષા - એ મુદ્દા પર તો મમતા બેનરજી આટલું કાઠું કાઢી શકયા છે. ગુજરાતીના નામ પર ગુજરાતમાં રાજકીય ફાયદો મેળવવો અઘરો છે. સરકારે એટલા સારું જ પ્રજાની નાડ પારખીને વહેતી ગંગામાં હાથ ધોવાનું વલણ અપનાવ્યું હતું. મોદીરાજ દરમિયાન અંગ્રેજી માધ્યમની શાળાઓ વધુ ને વધુ સંખ્યામાં ઊઘડતી રહી. મોદી પોતે અંગ્રેજીમાં ભાષણો કરતા થયા. નિરંજન ભગત જેવા વરિષ્ઠ કવિથી લઈ ગુણવંત શાહ જેવા લોકપ્રિય કટાર લેખક માતૃભાષાની વકીલાત કરતા રહ્યા પરંતુ ગુજરાતી વિષય તરફ એ હદે દુર્લક્ષ સેવાતું રહ્યું કે એમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ. આવી વિકટ સ્થિતિમાં બગડેલી બાજી સુધારી લેવાનો સરકારી નિર્ણય મોડો ભલે લાગે, છતાં વખાણવા જેવો છે.

# ઉનાળાની હોમ રેમીડીઝ



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડૉ. કેદાર ઉપાધ્યાય

છેલ્લા અઠવાડીયાથી ઉનાળો પ્રોપર શરૂ થઈ ગયો હોય તેવું લાગે છે. આમ તો હોળી-ધૂળેટી જાય એટલે તાપ પડવાનું શરૂ થાય જે દિવસે દિવસે આકારો થતો જાય, અને છેક જુલાઈ મહિના સુધી આવું જ ચાલે. એટલે આપણે લગભગ ત્રણ મહિના સુધી આ ગરમી સહન કરવી પડે. આ ગરમીમાં રાહત મળે એ માટે ઘરમાં તો આપણે એ.સી. થી લઈને ખસની ટોટી સુધીની વ્યવસ્થા કરેલ હશે, પણ આપણા ઘરના રસોડામાં જ અમુક એવી વસ્તુઓ પડેલી હોય છે કે જે આપણને ગરમીથી રક્ષણ આપે છે અને શરીરમાં ઠંડક લાવે છે. ઉનાળાના ઘરગથ્થું ઉપચારો વિષે બહુ બધા પુછતા હોય છે. આમેય આજકાલ આપના ખાન-પાન ને કારણે આપણું પિત્ત જલ્દીથી વધી જાય છે, એવા સમયે ઠંડક કરે તેવા ઘરગથ્થું ઉપચારો મળી જાય તો આનંદ થાય. આજે તે વિષે વાત કરીએ.

ધાણાઃ સંસ્કૃતમાં જેને 'ધાન્યક' કહે છે તે ધાણા કોથમરીના બીજ છે. ધાણા પ્રકૃતિમાં બહુ ઠંડા છે. શરીરની બળતરા, શરીરનો થાક અને તરસ મટાડે છે. પિત્તને ઘટાડે છે. પાચનતંત્ર મજબૂત કરે છે અને મૂત્રવેગ વધારે છે.

- તાવમાં જ્યારે તરસ બહું લાગે ત્યારે ધાણાનું પાણી પીવાથી ફાયદો થાય છે.





- શરીરમાં દાહ થતો હોય તો ધાણાને રાત્રે પાણીમાં પલાળી સવારે તેમાં ખડી સાકર નાખી તેને પીવાથી દાહ શમન થાય છે.

- પેટમાં ચૂંક આવતી હોય તો ધાણા અને સૂંઠને ઉકાળીને પીવાથી ફાયદો થાય છે.

- બાળકોને મોટી ઉધરસ આવતી હોય તો ધાણા અને સાકરને ચોખાના ધાવણ સાથે આપવાથી ફાયદો થાય છે.

કોથમરીનાં પણ ધાણા જેવા જ ગુણો છે. કોથમરી પણ ઠંડક આપે છે. શરીર અને આંખમાં બળતરા થતી હોય ત્યારે કોથમરીની થેપલી બનાવી આંખ પર મુકવાથી ખૂબ ઠંડક મળે છે. કોથમરીમાં વિટામીન-એ તથા વિટામીન – સી પ્રચૂર માત્રામાં હોય છે. આ ઉપરાંત કોથમરીમાં અનેક ખનીજતત્વો (મિનરલ્સ) પણ હોય છે આથી કોથમરીનો વપરાશ રોજીંદો કરવો.

વરિયાળીઃ ધાણાની જેમ જ વરિયાળી પણ ખૂબ ઠંડી છે. વરિયાળી પાચક, બલદાયક, તૃષાહર, અને ગર્ભ તથા ગર્ભાશયને પોષણ આપનાર છે. વરિયાળીમાં સુગંધી ઉડ્ડનશીલ તેલ રહેલું હોય છે. આ તેલ બાળકોને પેટની ચૂંક મટાડે છે.

બજારમાં મળતા સેક્રીન તેમજ બીજા હાનિકારક દ્રવ્યો યુક્ત શરબતો કે સોફ્ટ ડ્રિંક્સને બદલે આપણા રસોડામાં રહેલ આ ઠંડક આપનારા દ્રવ્યો વડે જ એક શર્બત તૈયાર કરી શકાય. ધાણા અને વરિયાળી સરખા ભાગે તથા જીરૂ અર્ધા ભાગે લેવું. તેમા જરૂર પુરતી ખડી સાકર અથવા દેશી ગોળ નાખવો અને ઉપરથી કોથમરીના પાન અને ચપટી સંચળ નાખવું એકાદ-બે ટીપા લીંબુ પણ નાખી શકાય. આ શર્બતને ઉનાળાની બપોરે કે સાંજે નિયમીત પીવું. આનાથી શરીરમાં ઠંડક તો રહેશે જ , ઉપરાંત શરીરનો થાક પણ ઉતરશે અને એનર્જી પણ મળશે.

- contact@atharvaayu.com

# ચલ મન મુંબઈ નગરી, જેની જાત્રા છે ના અઘરી!



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

ગયા ગુરૂવારના લેખમાં એમ કહેવામાં આવ્યું હતું કે કવિશ્રી નિરંજન ભગતની ખરી ઓળખ તો એમના નગર કાવ્યો છે.તેના થોડાંક ઉદાહરણ આપી વિગતે વાત કદાચ આવતા અંકે કરીશું એવું મભમ વચન પણ આપવામાં આવ્યું હતું.વચન પાળ્યા વગર છૂટકો નથી કારણ કે મારી જેમ સરકાર બતાવે છે તેવા બહાના બતાવવાની કોઇ કળા નથી.તો પછી ચાલો શ્રી ભગત સાહેબની પેલા ઉદાહરણમાં આપેલી કવિતાથી જ લેખનો પ્રારંભ કરીએ.

મુંબઈ નગરી

ચલ મન મુંબઈ નગરી, જોવા પુચ્છ વિનાની મગરી !

જ્યાં માનવ સૌ ચિરો જેવાં વગર પિછાને મિત્રો જેવાં; નહીં પેટી નહીં બિસ્તરો લેવાં, આ તીરથની જાત્રા છે ના અઘરી !

સિમેંટ, કોંક્રીટ,કાચ,શિલા, તાર, બોલ્ટ, રિવેટ, સ્ક્ર,ખીલા; ઈન્દ્રજાલની ભૂલવે લીલા એવી આ સૌ સ્વર્ગતણી સામગ્રી !

રસ્તે રસ્તે ઊગે ઘાસ કે પરવાળા બાંધે વાસ તે પહેલાં જોવાની આશ હોય તને તો કાળ રહ્યો છે કગરી !

ગુજરાતી કવિતાની શરૂઆત પણ ભારતની અન્ય ભાષાઓની કવિતાની જેમ ભક્તિ અને આધ્યાત્મના કાવ્યો સાથે શરૂ થઈ હતી. નર્મદ-દલપતે ગુજરાતી કવિતાને આ પાશમાંથી મુક્ત કરી તેને આપણે નર્મદ-દલપત યુગથી ઓળખીએ છીએ. તે પછી બ.ક.ઠાકોર, નાલાલાલ અને કાંતનો યુગ આવે છે તેમાં ચિંતનથી ભરપુર કાવ્યો મળે છે. એ પછી ગાંધીયુગ આવે છે. તેના મહારથીઓ છે ઉમાશંકર અને સુન્દરમ. તેમાં પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ ઉપરાંત સામાન્ય માણસો તો ઠીક ક્ષુલ્લક ગણાતી કરોળિયો ગોટલો, આંબો જેવી વસ્તુઓ પણ કવિતાના વિષયો બનવા માંડે છે.ત્યારબાદ આવે છે રાજેન્દ્ર-નિરંજન યુગ. જેની વિશિષ્ટતા છે નગર કાવ્યો. નિરંજન ભગત પ્રવાલધ્વીપ ગુચ્છના કાવ્યો લખે છે. જ્યારે પણ કોઈ નિરંજન ભગતસાહેબની વાત કરવા બેસે છે ત્યારે 'ચલ મન મુંબઈ નગરી' ની વાત કર્યા સિવાય રહી શકતો નથી. પ્રવાલધ્વીપ ગુચ્છ માં ''આધુનિક અરણ્ય'' 'ગાયત્રી', 'પાત્રો' , 'ચર્ચગેટથી લોકલમાં, અને હોરન્બી રોડ વગેરે કાવ્યો નગર કવિતાના ઉત્તમ ઉદાહરણો છે. છતાં '' ચલ મન મુંબઈ નગરી''ની ભાવકોમાં મોહિની જ કંઈક ઑર છે.

મુંબઈમાં શ્રી ભગત ઘણું રહ્યા છે. પગે ચાલીને શહેરની સડકો પર ફર્યા છે. જીવનનો દંભ અને શહેરની ઘેલછા એમના કાવ્યોમાં તીવ્રરૂપે આવે છે. મુંબઈને તેઓ પૃચ્છ વગરની મગરી કહે છે. મગરની બધી તાકાત એમના પૂંછડામાં હોય છે. આ નગરનો નકશો મગર જેવો છે. કવિએ પૂંછડા વગરના મગર જેવી દશા કહીને આ નગરની દશા કેવી હોય તે વાત જાણે બે જ શબ્દોમાં બતાવી દીધી છે. શહેર એટલે આધુનિક અરણ્ય, સિમેંટ-કોંક્રિટને ધુમાડાનું જંગલ .અમદાવાદ વિષે પણ એમણે લખ્યું છે કે 'આ ન શહેર, માત્ર ધ્રૂમના ધૂવાં,રૂંધાય ત્યાં મનુષ્યનાં રૂવેરૂવાં

બોલચાલની ભાષા ઉમાશંકર અને સુન્દરમ તથા અત્યારના કવિઓ અવારનવાર યોજે છે પણ બોલચાલની ભાષામાં વપરાતા કેટલાક શબ્દો તો નિરંજન ભગતની કવિતામાં જ પહેલીવાર આવે છે. 'સિમેંટ, કોંક્રીટ, કાચ, શિલા, તાર, બોલ્ટ, રિવેટ, સ્ક્રુ ,ખીલા;' આ બધા શબ્દો આ અગાઉ કોઇ કવિએ ઉપયોગમા લીધા હોય તેવું બન્યું નથી. અગાઉની વાત જવા દો આજના નવલોહિયા કવિઓનું યે આવા શબ્દો પોતાની કવિતામાં ગોઠવવાનું ગજું નથી.આ શબ્દો કેવળ પહેલી વાર પ્રયોજાયા એટલું જ એનું મહત્વ નથી. પણ એણે કેવો અદભુત પ્રાસ ઉત્પન્ન કર્યો છે. અને આ કાચ, કોંક્રિટ અને ખીલા જાણે આપણા હદયમાં ભોંકાતા હોય તેવું વાતાવરણ પણ પહેલીવાર સરજી શક્યા છે.

શ્રી નિરંજન ભગતે અનુષ્ટુપ છંદમાં લખેલી ''ગાયત્રી'' કવિતા નગરકાવ્યોમાં સર્વોત્કૃષ્ટ છે. પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં એમ ત્રણ જુદા જુદા સમયે સંધ્યા ગાયત્રી રટણો કરે છે તેનો આધાર લઈ શહેરની ગાયત્રી કેવી છે તેનું ગજબનું વર્ણન કવિએ કર્યુ છે. આખી કવિતા ઘણી લાંબી છે.તેમાંથી કેટલીક ચિત્રમય ક્ષણો તમને માણવી ગમશે. આ કાવ્યમાં કવિએ મુંબઈને સુંદરીની ઉપમા આપીને કહ્યું છે- સિન્ધુશય્યા પરે સૂતી સ્વપ્ને નીંદરમાં સરી આછેરાં અંચલો ધારી નગરધ્વીપ સુંદરી, મુખે છે મૃત્યુનો લેપ, ગીતનો સુરમો દ્યગે ધીરેથી ઊછળે છાતી હૈયે શા હીરલા ઝગે.

સૌ પ્રથમ તેમણે સવારનું વર્ણન કેવું કર્યુ છે તે જુઓ. ક્ષિતિજે ડોકતો સૂર્ય ,પ્રેર્યો માત્ર કુતૂહલે (એક વાર ફરી કોઇ બહાને ઊગ્યો જ , તો ભલે) તાળવું ફાટતાં લોહી કેવુંક રેલતું, આખાયે આભમાં રાતા રંગનું તેજ ફેલતું;

પેલી નગરસુંદરી જાગે છે તેનું વર્ણન જુઓ. સવાર પડ્યા પછી કવિ કેવો ચાબખો મારે છે તે પણ અનુભવો.

બગાસું ખાઈને ખાસ્સું,સુસ્તીથી જે ભરી ભરી આંખો બે હાથથી ચોળી, અંગે આળસ જે નરી ખંખેરી, ત્યાગતી શય્યા નગદ્વીપ સુંદરી, સ્વર્ગની અપ્સરા વા તો સ્વપ્નના લોકની પરી.

પામે સંસાર આ સારો સ્ફૂર્તિ ને તાજગી નવી, નિવૃતિ માણતાં ત્યારે માત્ર વેશ્યા અને કવિ.

આ કવિ આગળ બપોરનું ચિત્ર આલેખે છે તે પણ જોવા જેવું છે.

વાયુ તો સડકો વચ્ચે ચત્તોપાટ પડ્યો હવે, લુખ્ખીયે ખાયના ખાંસી, નિંદ્રામાં યે નહીં લવે; એથી તો વાયુનો યે ના પડે પડછાય અહીં પડે; જુએ છે આમ ને તેમ શોધ્યું કોઇ નવ જડે; રંકનાં ભાગ્ય શી સમી, લાંબી આયુષ્યના સમી પહોળી આ સડકોને નીચી જે ના કદી નમી. ભૂખરાં પથ્થરોની આ અમીરીની સૌ ઈમારતો છાયાથી યે નહીં સ્પર્શે , રખે ઝીલે ન ભાર તો !

હવે છેલ્લું સાંજનું ચિત્ર આવે છે. તેમાં કેવાં અદ્ભૂત શબ્દશિલ્પ કોતર્યા છે ? સલામ ભગત સાહેબને ! ફરીને આથમ્યો સૂર્ય મંદ ને મ્લાન ખેદથી,

મથ્યો આજેયે તે વ્યર્થ આથી તે સિક્ત સ્વેદથી.
આખું યે આભ તો જાણે વ્હીલું વ્હીલું
રડી જશે
એવું ઢીલું પડ્યું પોચું લાગે
કે શું પડી જશે ?

ઉપર મે અમુક મને ગમેલી પંક્તિઓ જ ટાંકી છે કાવ્યની પૂરી મઝા માણવા માટે તો આખા કાવ્યમાંથી પસાર થવું પડે. તેમાં તમને મમી. મ્યુઝિયમ. ટ્રામગાડી.નિયોન લાઈટો, તાર ઑફિસ, હોટેલ-કાફે, કપરકાબી, બધું મળે. છેલ્લે ઈટાલીના મહાન કવિ ડૅંટિનો પણ ભેટો થાય.

શ્રી રમેશભાઈ પુરોહિતે તેમના પુસ્તક તસવીરમાં ''શબ્દના શિલ્પી અને સંયમી વાણીના કવિ નિરંજન'' પ્રકરણમાં કવિના સર્જન વિષે જે વાત કહી છે તે રજૂ કરીને સમાપન કરીએ.

નિરંજનના સર્જનની વાત કરીએ તો એટલુંજ કહી શકાય કે એમની કૃતિને કોઇ શિલ્પકાર કળાકૃતિ કંડારતો હોય એ રીતે પ્રકટાવે છે. કલાકૃતિ સર્વાંગસુંદર તો એ સપ્રમાણ હોય તો બની શકે.નિરંજનની કવિતામાં તમને ક્યાંય ખડાખબડા,ઢીલાશ કે શિથિલતા જોવા મળશે નહીં. શિસ્ત,સંયમ અને શિલ્પનો સમન્વય એટલે નિરંજનની કવિતા.સૉનેટ માં એ સૉનેટની શિસ્ત જાળવે પણ ગીતમાં સૉનેટમાં હોય તેવું નકશીકામ દેખાયા કરે. એમના સંગ્રહનું નામ બહુ સૂચક છે,છંદોલય.આછાપાતળા છંદો અને લયલપસણિયાઓથી એ દૂર રહે છે. કવિ શબ્દના નાદનું મૂલ્ય સમજે છે. પણ શબ્દ પાછળ તણાતા નથી. શબ્દ એમને અનુસરે છે.

# ઈચ્છા, લાગણી અને જ્ઞાન : માનવીનાં આ ત્રણ મુખ્ય પ્રેરક પરિબળો છે



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

આકાશ માથે ધ્રુવ તેજ ઢોળે,
એવો તપ છે ઈતિહાસના ખોળે,
ઝાંખો, જૂનો, જીર્ણ છતાં અનસ્ત
આ આર્યની ભૂમિ તણો પ્રકાશ !

- કવિ ન્હાનાલાલ

●●●

ચૈત્ર સુદ પ્રતિપદા જેને મહારાષ્ટ્રમાં 'ગૂડી પડવો' કહે છે. આ દિવસથી ગુજરાત સિવાય સમગ્ર ભારતમાં નૂતનવર્ષ શક સંવતની શરુઆત થાય છે. શાલિવાહન નામે એક કુંભકારના છોકરાએ માટીનું સૈન્ય તૈયાર કરી તેના પર પાણી છાંટી તેમને સજીવન કર્યા અને દુશ્મનોને પરાસ્ત કરી વિજયશ્રીને વર્યા. તેની યાદ રૂપે શક સવંત શરૂ થયો.

દોસ્તો, આ તો એક લાક્ષણિક કથન છે. 'માટીનાં મડદાં બેઠાં કરવા' અર્થાત્ માટી જેવા જડ, નિષ્પ્રાણ, પૌરુષહિન લોકોમાં પ્રાણ પૂરવા, જીવંત કરવા શાલિવાહને નિસ્તેજ,નિર્માલ્ય લોકોમાં પૌરુષત્વ જગાડ્યું. શત્રુઓને પરાસ્ત કર્યા.

આજે ચોતરફ ભોગવાદ જડવાદમાં ફસાયેલા માનવ્યમાં પ્રાણ પુરવા શાલિવાહનોની જરૂર છે. 'ગૂડી પડવો' એટલે પુરુષાર્થી અને પરાક્રમી થવાની પ્રતિજ્ઞા લેવાનો દિવસ છે.

●●●

ચૈત્ર માસનું વૈશિષ્ઠ્ય એટલે ભગવાન શ્રીરામ, મહાવીર સ્વામી અને હનુમાનજી - આ વિભૂતિયત્રીનું પ્રાગટ્ય. સાથે સાથે આ કલિકાલમાં અવતરેલ સહજાનંદ સ્વામીને યાદ કરવા ઘટે !!

પ્રતિ વર્ષ મધુ માસમાં આ મહાપુરુષોનું સ્મરણ માનવ્યને દિશા - દષ્ટિને તાજગી બક્ષે છે.

રામનવમીના પર્વે અપ્રતિમ મહાનાયક લોકભિરામ રણરંગધીર રાજીવનેત્ર રામચંદ્રનું પાવન સ્મરણ કરી 'રામો ભૂત્વા રાજાં યજેત્' રામમય થઈએ ! શ્રીરામ જેવી જીવન દૃષ્ટિ અપનાવવી એ જ એની સાચી પૂજા. કૌટુંબિક, સામાજિક અને નૈતિક મર્યાદાઓમાં રહી ઉત્તમ પુરષ બની શકે એ મર્યાદા પુરુષોત્તમ રામજીનું જીવન આપણને સમજાવે છે.

ભગવાન શ્રીરામના જીવનનો વિચાર કરીને તેમના ગુણો આત્મસાત કરવા કૃતનિશ્ચયી બનીએ તો જ સાચા અર્થમાં રામનવમી ઊજવી કહેવાય.

રામનવમીના પાવન પર્વે અયોધ્યા નજીક છપૈયા ગામમાં જન્મેલા ઘનશ્યામ પાંડે... સહજાનંદ સ્વામી અને કાળક્રમે અવતાર પુરુષ સ્વામીનારાયણ ભગવાનનું પુણ્ય સ્મરણ પણ કલ્યાણ પ્રેરક છે. જેમણે ભારતીય સભ્યતાને વૈશ્વિક ફલક પર વિસ્તારી... આવા સ્વામી નારાયણ સંપ્રદાયને કૃતજ્ઞ ભાવે નમન !!!

●●●

ચૈત્ર સુદ તેરસ 'જનકલ્યાણક દિન'. ભગવાન મહાવીર સ્વામીનું પ્રાગટ્ય પર્વ. જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીએ જગતને અહિંસા અને ક્ષમાનો સંદેશ શીખવ્યો. મહાપુરુષોનો જન્મ જ વિશ્વ કલ્યાણર્થે જ હોય છે. તીર્થંકરનું જીવન જ સાક્ષાત્ તીર્થ ગણાય. માણસ સત્કર્મોથી ભગવદ્ પદ મેળવી શકે એ વાત જૈનધર્મ શીખવી છે. મહાવીર સ્વામીએ જૈનધર્મનો કાયાકલ્પ કરી નવું ચૈતન્ય જગાવ્યું. આ મહામાનવ બોત્તેરમાં વર્ષે જન ગણના જીવનમાં જ્ઞાનનો દીપોત્સવ સર્જી આસો વદ અમાસે મહાનિર્વાણ પદ પામ્યા...અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને પરિગ્રહના પાઠ શીખવનાર યુગપુરુષ મહાવીર સ્વામીને 'જન્મ કલ્યાણક દિને' કોટિ કોટિ વંદન!!!

●●●

ચૈત્ર સુદ પૂનમ એટલે હનુમાનજયંતી. જગતના સાત ચિરંજીવીઓમાંના એક એવી શ્રીરામ ભક્ત હનુમાનજીનું પ્રાગટ્ય પર્વ.

રાવણની લંકામાં જવા ભગવાન શ્રીરામને સેતુ બાંધવો પડ્યો, જયારે હનુમાનજી સાગર ઊલંઘી ગયા. હનુમાનના કૂદકાથી ભક્તોનો મહિમા વધ્યો. 'પુત્રાત્ શિષ્યાય્ પરાજય' જેમ દીકરાના પરાક્રમથી બાય ખુશ થાય છે. શિષ્યના સામે હારી જવામાં ગુરુગૌરવ અનુભવે તેમ પ્રભુ સવાયા ભક્તને જોઈ પ્રસન્નતા અનુભવે છે.

દોસ્તો, યોગસૂત્રમાં કહેવાયું છે;

'ધનક્ષયે વર્ધતે અંતરાગ્નિ, કુલક્ષયે વ્યભિચાર બુદ્ધિ।
પુજ્યક્ષયે નીચ જનસ્ય સેવા, પાપક્ષયે રઘુનાથ સેવા॥'

●●●

સ્પર્શમણિ
અલ્પ વિ.રામ થી પૂર્ણ વિ. રામ સુધી
માત્ર .રામ. નો જ સાથ...

●●●

કચરામાંથી જેને અનાયાસે હીરો મળી જાય છે,
એવા લોકો બીજા હીરાની શોધમાં જિંદગીભર
કરચો ફેંદતા રહે છે.

●●●

ઈચ્છા, લાગણી અને જ્ઞાન : માનવીનાં આ ત્રણ મુખ્ય પ્રેરક પરિબળો છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949